

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*બંગાળ-મહારાષ્ટ્રની મહેચ્છા મનમાં રહી ગઈ!*
*ફર્યું પાણી શ્રમ પર, વાત મનમાં રહી ગઈ!*
*રહી ગઈ મનમાં જ વિશ્વનેતા થઈ જવાની -*
*ચઢતાં ખૂટ્યો ઓક્સિજન, વાત મનમાં રહી ગઈ*
*(વિશ્વ નેતાના શિખરે પહોંચાવામાં આડખીલી)*

હાઈકુ

*બીજી લ્હેરની -*
*વાત વાતમાં કરી -*
*આભારવિધિ ??*
*(ગત-મન કી બાત-સાર)*

*મંત્રીઓ નહીં -*
*સરકાર એટલે -*
*પક્ષના નેતા...*
*(સાત વર્ષની સિદ્ધિ - આપત્તિ માટે)*

## ચિંતન

**આત્મ બુદ્ધિ હિથાર્થાય, ગુરુબુદ્ધિ વિશેષતમ્ ।**
**પરબુદ્ધિ વિનાશાય, સ્ત્રી બુદ્ધિ પ્રલયંકૃતા ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

પોતાની બુદ્ધિ વડે ચાલવાથી મનુષ્યનું હિત થાય છે, પણ પરાયી સલાહે ચાલવાથી પોતાનો અને અન્યનો વિનાશ કરે છે, માટે પોતાનું હિત ઈચ્છનારે ગુરુની બુદ્ધિનો આશ્રય કરવો કે જેથી પોતાનું કે કોઈનું અહિત ન થતાં, સ્વબુદ્ધિ કરતા વિશેષ હિત જ થાય અને લાભ મળે. પરંતુ જે સ્ત્રીની બુદ્ધિને અનુસરે છે તે સ્ત્રીની બુદ્ધિ પ્રલય કરાવનારી હોય છે.

સ્ત્રી, શ્રી, સુરા, સંપત્તિ અને સત્તા માટે જ અગર તેના બળથી લડાઈઓ થઈ ઘોર વિનાશ સર્જાયેલો છે અને સર્જાય છે. માટે ગુરુબુદ્ધિને પોતાનું અને અનેકનું શ્રેય કરનારી માનેલી છે. અહીં બુદ્ધિ એટલે સામાન્ય બુદ્ધિ નહિ પરંતુ જ્ઞાનસંપન્ન બુદ્ધિને, બુદ્ધિ માનેલી છે. પાપીને, દુર્વ્યસનીને, દુરાચારીને બુદ્ધિ હોય છે પરંતુ તે બુદ્ધિનો સદુપયોગ ન કરતાં દુરુપયોગ કરે છે તેથી જ તે અનેક પાપદોષો અને કર્મોના બંધનને પામે છે. પ્રત્યેક પ્રાણી બુદ્ધિ દ્વારા જ ઉચ્ચ અગદર નીચ સ્થિતિને પ્રાપ્ત થાય છે. સત્પુરુષો માને છે કે : બુદ્ધિ એ જ સ્વર્ગનું સાક્ષાત્ સ્વરુપ છે.

## સુવિચાર

- જ્ઞાનહીન આચાર અને આચારહીન જ્ઞાન નષ્ટ થઈ જાય છે - **મહાવીર સ્વામી**
- કોઈને ક્ષમા માગવા માટે બાધ્ય કરવો એ પોતાનો વિરોધ કરવા માટે આપેલું આમંત્રણ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેણે કદી જોખમ ખેડ્યું નથી તે પોતાની હિંમત વિષે કશી ખાતરી રાખી શકે નહીં - **રોકફેલર**
- તમારી પાસે ન હોય એવી ચીજ ને વિસરી જવાની કળા એનું નામ સુખ - **ઓશો**
- ગરીબો સારી રીતે જીવી શકે એવી વ્યવસ્થા ગોઠવવી, એ સંસ્કૃતિની સાચી કસોટી છે - **સેમ્યુઅલ જહોન્સન**
- અભિલાષા જયારે દઢ નિશ્ચયમાં ફેરવાઈ જાય ત્યારે જ તે ફળ આપે છે - **સ્વેટ મોર્ડન**
- આજનું ઔષધ : મરી પાઉડર, લોબાન અને ચોખાનો લોટ ને ગરમ પાણીમાં મિક્સ કરી તે પેસ્ટ માથા પર લગાડવાથી માથાનો દુ:ખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

મુલ્લા નસરુદીન શાક માર્કેટમાં ગયો. જોયું તો ઘણા બધા લોકો સૌ લાલ મરચા ખરીદી રહ્યા હતા. એને વિચાર આવ્યો આ મરચા ખાવાનો કોઈ વિશેષ દિવસ કે પરંપરા હશે. એણે પણ એક કીલો લાલ મરચા ખરીદ્યા. અને એક ઝાડ નીચે બેસી ખાવા લાગ્યો. પહેલું મરચું ચાવતાં જ એનું મોં તીખાશથી તમતમી ગયું. આંખમાંથી અને નાકમાંથી પાણી નીકળવા લાગ્યું. બીજું મરચું મોં માં મૂકીન વિચારતો હતો કે 'કદાચ આ પહેલા કરતાં સારું હશે.' આમ વિચારીને એક પછી એક મરચા ખાવા લાગ્યો. એક માણસે નસરુદીન ને મરચાં આવતા જોયો. એણે પૂછ્યું. 'ભાઈ ! આ તમે શું કરો છો? આ તો મરચાં છે જેને એક-બે જ કોઈ વાનગીમાં નાખીને ખાવાના હોય છે.' આમ છતાં નસરુદીને મરચાં ખાવાનું ચાલું રાખતા પેલા માણસે પૂછ્યું. 'હવે તો આપણે જાણ છે કે આ શું છે તો ખાવાનું કેમ બંધ નથી કરતાં ?' નસરુદીને કહ્યું : 'અરે ભાઈ! મેં આ મરચાં ખરીદેલા છે તો મારે તેને ખતમ તો કરવા જ પડે ને. હવે હું મરચાં નથી ખાતો, મારા પૈસા ખાઉં છું.' આ જ પ્રમાણે આપણે આપણું જીવન જીવીએ છીએ. એક રીતે તો આપણે જાતે જ આપણી સમસ્યાઓને ખરીદીએ છીએ. એ આપણા માટે બહુ તીખી છે, છતાં આપણે એ ખાયા જ કરવી છે. કેમ કે એમાં પોતાનો સમય, પોતાની શક્તિ, અપેક્ષાઓ અને સંકલ્પોનું ધન જોડી રાખ્યું છે. આજે મરચાં જેવી સમસ્યાથી આજે આપણું મોં તમતમે છે, આંખોમાંથી આંસુમાંથી અને નાકમાંથી પાણી વહે છે. આમ છતાં આશા રાખીએ છીએ કે કોઈક દિવસ તો, કયાંક એ મધુર લાગવા માંડશે.

# અનિર્ણાયકતા અને મજબૂરીનો શિકાર

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાએ ભલભલા ચમરબંધીઓનાં પાણી ઉતારી દીધાં છે. પછી એ શાસનસૂત્રો સંભાળતા મહારથીઓ હોય કે કેળવણી અને અર્થશાસ્ત્રના તજજ્ઞો, કોરોના સંક્રમણથી જીવન સખળડખળ થઈ ગયું છે. ભાગ્યે જ કોઈ એવું ક્ષેત્ર હશે જેના પર આ મહામારીની પ્રતિકૂળ અસર ન પડી હોય. જો કે ધનકુબેરો વધુ ધનવાન બન્યા હોવાના અહેવાલો જોઈએ છીએ ત્યારે આશ્ચર્ય જરૂર થાય છે. અદાણી-અંબાણીની સંપત્તિનો ગ્રાફ ઊંચે ને ઊંચે જતો જાય છે. કોરોના સાથે એમને કોઈ ગુપ્ત કરાર તો નહીં કર્યા હોય એવી શંકા જરૂર પેલા મધ્યમ વર્ગના આમ આદમીને થતી હશે કારણ કે એ તો આ દોઢ વર્ષ દરમિયાન ઊંધે માથે જ પટકાયો છે. સૌથી વધારે માર પડ્યો છે શિક્ષણ જગતને. એમાં કદાચ શાળા-કૉલેજોના વિદ્યાર્થી પર તો પાર વગરનો ત્રાસ જ ગુજરાયો છે. સરકાર અને સમાજ એમણે ભણાવવા પણ માગે છે. પણ કોરોના સંક્રમણને કારણે શાળા-કૉલેજોને તાળાં લાગી ગયા છે. 'ઓનલાઈન' શિક્ષણ પદ્ધતિ તો એક પ્રકારની મજબૂરી છે, વેઠ છે. છતાં છૂટકો નહોતો એટલે બિચારાં છોકરડાંએ મન મારીને એ પદ્ધતિ સ્વીકારી લીધી. નહોતી ફાવતી એ શિક્ષકોને કે નહોતી ગમતી વિદ્યાર્થીઓને. છતાં ગાડું ગબડાવ્યા વગર ચાલે એમ ન હતું. વિદ્યાર્થીનું વરસ ન બગડે એની સરકારને પણ સતત ચિંતા રહ્યા કરી છે. એ અર્થમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખરા અર્થમાં 'સંવેદનશીલ' રહ્યા છે. તકલીફ એ થઈ કે પરિસ્થિતિએ એમને કયારેય સાથ નથી આપ્યો. છેલ્લે જે રીતે બારણા ધોરણનું બારમું કરી દેવા જેવો નિર્ણય કરવો પડ્યો એથી તેઓ જરૂર ઊંડી ભોંઠપ અનુભવતા હશે. કેન્દ્રમાં બેઠેલા સર્વેસર્વા જયારે સીબીએસઈના બારમા ધોરણની પરીક્ષા નહીં લેવાનો નિર્ણય કરે ત્યારે રાજય સરકાર પાસે રાજયના માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સુનિશ્ચિત થયેલી બારમા ધોરણની પરીક્ષા રદ કરવા સિવાય વિકલ્પ જ કયાં બચ્યો હતો ? પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ સુધ્ધાં જાહેર થઈ ગયો હતો અને એ મુજબ કોરોના પ્રોટોકોલ જાળવી બારમા ધોરણની પરીક્ષા લઈ શકાય એમ હતી. તંત્ર સજ્જ થયું. વિદ્યાર્થીઓ તો પરીક્ષા કયારે લેવાય એની રાહ જોઈ રહ્યા હતા. ઠોઠ નિશાળિયાઓને માસ પ્રમોશનનું પડીકું ગમે; બાકી જેણે આખા વરસ લગી ચોટી બાંધીને વાંચ્યું હોય, ઓનલાઈન કલાસ ભર્યા હોય એવા વિદ્યાર્થીને તો પરીક્ષામાં સારું મૅરિટ મનગમતી કારકિર્દી તરફ પ્રસ્થાન કરવાની તત્પરતા હોય. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી અને મુખ્યમંત્રી વિજય રુપાણી બેઉ આ બાબત બરાબર સમજે છે એથી એમણે કેન્દ્ર સીબીએસઈ મુદ્દે ભલે જે કોઈ નિર્ણય લેવો હોય તે લે, પણ ગુજરાત રાજયમાં બોર્ડની બારમાની પરીક્ષા લેવાશે જ, એવું વાતવરણ સરજાયેલું હતું. રાતોરાત નવરામણિયું આવી ગયું. વડાપ્રધાને જાતે સીબીએસઈના બારમા ધોરણની પરીક્ષા નહીં લેવાનો નિર્ણય જાહેર કર્યો એટલે આપણા લઘુનેતાઓની મીંદડી મ્યાઉં થઈ ગઈ. પ્રશ્નોની હારમાળા જેમની તેમ ઊભી છે. ઈજનેરી અને મેડિકલ પ્રવેશ માટેની પરીક્ષાઓનું શું ? બારણા ધોરણની પરીક્ષા લીધા વગર જ એ વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ જાહેર કરવા માટે કયા માપદંડ અપનાવવા ? સ્કૂલના મેરીટ મુજબ તો દરેક શાળા ઊડઝૂડ ઉદારતાપૂર્વક માર્ક્સ મૂકી દેશે. હોંશિયાર અને સાધારણ વિદ્યાર્થી વચ્ચેના ફરકનું શું ? વળી રિપીટર્સ અને બહારથી પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીઓને કઈ રીતે પાસ જાહેર કરશો ? રાજય સરકારની, શાસન અને પ્રશાસનની આ મુદ્દે અનિર્ણાયકતા અને કેન્દ્રના નિર્ણયને માથે ચડાવવાની મજબૂરી તથા સંકલ્પશક્તિનો અભાવ આ એપિસોડમાંથી ઊડીને આંખે વળગે છે.

# ફરે, તે ચરે !





અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ દિવસો વૈશાખ વદ એકમ હતી.

આશ્રમમાં આનંદ છવાઈ ગયો. સેવિકાને પુત્ર જન્મ થયો હતો. પતિનાં અવસાન પછી આ સર્વપ્રિય સેવિકાએ આશ્રમની સેવામાં જીવ પરોવી દીધો હતો. તાપસીએ બાળકનું નામ પાડ્યું - નારદ.

નારદ મોટો થવા લાગ્યો. આશ્રમની સેવામાં માતાને મદદ કરે. આશ્રમમાં શિષ્યો, કુલપતિ પાસે ભણતા હોય, ત્યારે સૌની સાથે બેસી બોલવાનું શરુ કર્યું. તો સૌથી પહેલો શબ્દ બોલ્યો - 'નારાયણ.' પછી તો આ શબ્દ આજીવન એની સાથે રહ્યો. શિષ્યો સાથે ભણવા બેસે, તો બીજા શિષ્યો કરતાં વધુ સારો પ્રતિભાવ આપે.

એ બધા સાથે મંત્રોચ્ચાર કરે, ત્યારે કશુંક ખૂટતું લાગે. એકવાર તપોવનમાં ફરતો હતો અને લાકડું અને તાંતણામાંથી વાદ્ય બનાવ્યું. એને નામ આપ્યું - 'વીણા'. હવે તો એ આ તંત્ર પણે વીણા સાથે ગાય અને સૌ એને સાંભળવા ભેગા થાય. પછી તો વીણા આજીવન એની સાથે રહી.

એનાં વ્યક્તિત્વની ઓળખ - 'નારાયણ'નું ઉચ્ચારણ અને વીણા. એવામાં સર્પદંશથી એની માતાનું અવસાન થયું.

હવે એકવાર બ્રાહ્મમુહુર્ત હતું. પરોઢિયે એણે આશ્રમ છોડી દીધો. કાયમની વિદાય લઈ લીધી. નારદ ચાલતા રહ્યા. કોઈ ગાઢ અરણ્ય વચ્ચેથી નદી પસાર થાય. એને કિનારે વિશાળ પીપળાનું વૃક્ષ હતું. એની છાયામાં નારદ બેસી ગયા. સ્વસ્થ થયા. અંતર્મુખ થયા. એની અંત:પ્રજ્ઞા જાગરિત બની. પીપળાંનાં તો પાને પાનમાં નારાયણનો વાસ. જાણે કે એના ઉપર નારાયણના આશીર્વાદ ઉતર્યા. એક જ્ઞાની તપસ્વી ઋષિમાં એનું નવસંસ્કરણ થયું. એને પ્રજાપિતા બ્રહ્માએ માનસપુત્રની પ્રતિષ્ઠા આપી. હવે એ દેવર્ષિ - દેવ અને ઋષિ - તરીકે જાણીતા થયા. એની ઓળખ થઈ - દેવર્ષિ નારદ.

સતત ફરતા જ રહે. ત્રણેય લોકમાં ફરતા રહે. સૌ કોઈનાં સુખદુ:ખ સાંભળે, સલાહ આપે, ઉપાય બતાવી, આશ્વાસન આપે. સંદેશાઓની આપ-લે એક લોકમાંથી બીજા લોકમાં કરતા રહે.

હરતાં ફરતાં કોઈનું જીવન સુધારી નાખે. જંગલમાં કોઈ લૂંટારો હતો, લૂંટફાટ કર્યા કરે. નારદે એને રામમંત્ર આપી. ઉપાસનાનો ઉપાય બતાવ્યો. એનું મહર્ષિ વાલ્મિકીમાં રુપાંતરણ થયું. નારદના કહેવાથી, વાલ્મિકીએ 'રામાયણ'ની રચના શરુ કરી.

એમ તો મહર્ષિ વેદવ્યાસને 'શ્રીમદ્ ભાગવત'ની રચના કરવાની પ્રેરણા આપી. ભાગવત શ્રી વિષ્ણુનું ગ્રંથ સ્વરુપ. ભગવાને એમાં પોતાના તેજનો અંશ મૂક્યો. ગંગા કિનારે આનંદવનમાં નારદ હતા. ત્યારે બ્રહ્માના ચાર માનસપુત્રો એમની પાસે આવ્યા. ચારેયને ભાગવતકથા માટે નારદે આદેશ આપ્યો. અને વ્યાસપીઠ પર બેસવા દીક્ષા આપી. સનતકુમારે શરુઆત કરી. સ્વયં શ્રીકૃષ્ણએ દર્શન આપ્યા.

લોકોને આચારનો ધર્મ શીખવતો હતો. નારદે ૧૨૦૦૦ શ્લોકમાં 'નારદસ્મૃતિ'ની રચના કરી. ભક્તિનું સાચું સ્વરુપ સમજાવવું હતું. 'ભક્તિસૂત્રો'ની રચના કરી. એમાં ૮૪ સૂત્રો છે નારદ પોતે એક પુરાણના ઉદ્‌ગાતા બન્યા. 'નારદપુરાણ.' આમાં ભગવાન વિષ્ણુનો મહિમા ગાયો.

ધર્મ અને સંસ્કૃતિના પરિવાજકને પ્રણામ.

# વિધાનસભાની બેઠકો કયા આધારે નક્કી થાય છે?

## ભારતનું બંધારણ



ખજાનો
અનિલ પટેલ

૧ રાષ્ટ્રીય ધ્વજમાં અશોકચક્ર શાનું પ્રતિક છે?
(અ) શૌર્ય (બ) ઉદારતા
(ક) દેશભક્તિ (ડ) પ્રગતિ

૨ ભીખ માંગવાના તથા ગુલામોના વેપાર પર પ્રતિબંદ કઈ કલમ નીચે છે?
(અ) કલમ-૨૪ (બ) કલમ-૨૩
(ક) કલમ-૨૭ (ડ) કલમ-૩૦

૩ કયા ભારતીય નેતાએ સૌ પ્રથમ યુ.એન.માં હિન્દીમાં ભાષણ કર્યું હતું?
(અ) અટલ બિહારી વાજપેયી (બ) પી.વી. નરસિંહરાવ
(ક) ઈન્દિરા ગાંધી (ડ) મોરારજી દેસાઈ

૪ સંસદ સભ્ય ન હોવા છતાં સંસદને સંબોધવાનો અધિકાર કોને છે?
(અ) ન્યાયમૂર્તિ (બ) કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયા
(ક) એટર્ની જનરલ (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

૫ ભારતના બંધારણે નાગરિકોને કયા પ્રકારની નાગરિકતા બક્ષેલી છે?
(અ) કેન્દ્ર-રાજયની બેવડી નાગરિકતા (બ) સમવાપી નાગરિકતા
(ક) એક જ નાગરિકતા (ડ) માત્ર જન્મથી જ નાગરિકતા

૬ ભારતમાં સર્વોચ્ચ અદાલત કયા શહેરમાં આવેલી છે?
(અ) અલ્હાબાદ (બ) મુંબઈ
(ક) કોલકાત્તા (ડ) દિલ્હી

૭ નીચેનામાંથી કઈ વ્યક્તિ ટપાલ દ્વારા મતદાન ન કરી શકે ?
(અ) સંરક્ષણ સેનાના સભ્યો (બ) વિદેશી સેવાના અધિકારીઓ
(ક) ચૂંટણી ફરજનાં અધિકારીઓ (ડ) ભારત બહાર સ્થાયી થયેલ ભારતીયો

૮ સરકારી કર્મચારીઓના વેતન ઘટાડવાની સત્તા રાષ્ટ્રપતિને કયા સંજોગોમાં ઉપલબ્ધ છે?
(અ) નાણાંકીય કટોકટી વખતે (બ) રાષ્ટ્રપતિ શાસન દરમિયાન
(ક) બાહ્ય આક્રમણ વખતે (ડ) આંતરવિગ્રહ વખતે

૯ સોલીસીટર જનરલનું કાર્ય શું છે?
(અ) એડવોકેટ જનરલને મદદ (બ) રાષ્ટ્રપતિના સલાહકાર તરીકે
(ક) વડા ન્યાયમૂર્તિના સલાહકાર (ડ) એટર્ની જનરલના સલાહકાર

૧૦ કયા ન્યાયાલયમાંથી સૌથી વધારે રાજયોના વિસ્તારનો સમાવેશ થાય છે?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) ગૌહાટી (ડ) બેંગ્લોર

૧૧ વિધાનસભાની બેઠકો કયા આધારે નક્કી થાય છે?
(અ) રાજયપાલના અધિકારથી (બ) સંસદ નક્કી કરે તે મુજબ
(ક) કુદરતી સંપત્તિના આધારે (ડ) વસતિના ધોરણથી

૧૨ નીચેનામાંથી કોણ કેન્દ્ર અને રાજય વચ્ચે નાણાંની ફાળવણી કરે છે?
(અ) સંસદ (બ) ઝોનલ કાઉન્સિલ
(ક) નાણાંપંચ (ડ) રીઝર્વ બેન્ક

૧૩ ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સત્તાઓની કોની પાસેથી મેળવે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) સંસદ
(ક) બંધારણ (ડ) નાગરિકો પાસેથી

૧૪ ભારતની સુપ્રિમ કોર્ટનું મુખ્ય સૂત્ર કયું છે?
(અ) જયાં ધર્મ ત્યાં ન્યાય (બ) જયાં જયાં ન્યાય ત્યાં કર્મ
(ક) જયાં ધર્મ ત્યાં જય (ડ) જયાં જય ત્યાં ધર્મ

૧૫ રાષ્ટ્રીય વિકાસ પરિષદના અધ્યક્ષ કોણ હોય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) સ્પીકર (ડ) આયોજન મંત્રી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૪ મે :
  - ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક રણજીતરામ મહેતાનું અવસાન (૧૯૧૭)
  - એન્ટી વિયેતનામ વોર અંતર્ગત દેખાવો કરતાં વિદ્યાર્થીઓ પર સેનાએ ફાયરીંગ કરતાં ચાર વિદ્યાર્થીઓના મોતા થયા (૧૯૭૦)
  - બેલ્જીયમમાં જન્મેલી બ્રિટીશ એકટ્રેસ ઓડ્રી હેપબર્નનો જન્મ દિવસ (૧૯૨૯)
  - કન્ઝર્વેટીવ પાર્ટીના જોશ મારીયા એઝનર સ્પેનના વડાપ્રધાન બન્યા (૧૯૯૬)
- ૫ મે : વિશ્વ પર્યાવરણ દિવસ
  - ઓપરેશન બ્લ્યૂ સ્ટાર અંતર્ગત સુવર્ણમંદિરમાં સેનાએ પ્રવેશ કર્યો (૧૯૮૪)
  - પોએબલના યુદ્ધમાં નેપોલીયન-૩ સામે મેક્સિકોનો વિજય થયો (૧૮૬૨)
  - જર્મન ફિલોસોફર કાર્લ માર્ક્સનો જન્મ દિવસ (૧૮૧૮)
  - એલનસેફર્ટ અમેરિકન અવકાશયાત્રીએ ૧૫ મિનિટ સબ ઓર્બીટમાં સ્ટ્રિમ-૭ સ્પેશક્રાફટ દ્વારા સફર કરી (૧૯૬૧)
- ૬ જૂન :
  - બિહાર ટ્રેન દુર્ઘટના જેમાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા (૧૯૮૧)
  - મધુર ગીતોના સર્જક અને પટકથા લેખક રાજેન્દ્રકૃષ્ણનો જન્મદિવસ (૧૯૧૯)
  - ન્યૂ જર્સી ખાતે ડીટીગીબલ હિન્ડનબર્ગ વિમાન અકસ્માતમાં ૩૬ લોકોના મોત થયા (૧૯૩૭)
  - ઓસ્ટ્રેલિયન મનોવૈજ્ઞાનિક સિગ્મન્ડ ફોર્ડનો જન્મ (૧૮૫૬)
- ૭ મે :
  - મશહૂર ફિલ્મ અભિનેતા જીતેન્દ્રની પુત્રી એકતા કપુરનો જન્મદિવસ (૧૯૭૫)
  - ન્યુઝીલેન્ડ ક્રિકેટર હેન્ડસમ હક ગણાતા શેન બોન્ડનો જન્મદિવસ (૧૯૭૫)
  - દુનિયાનું સૌથી જૂનું અને આજે પણ ઉપયોગમાં લેવૌતું રોયલ થિયેટર લંડનમાં ખુલ્લું મુકાયું (૧૬૬૩)
  - ગોડઝીલા મુવિના સર્જક જાપાનીઝ હોન્ડા ઈસીટોનો જન્મદિસ (૧૯૧૧)
- ૮ જુન : વર્લ્ડ એશિયન ડે
  - દેશની સાર્વજનિક રેડિયો પ્રણાલીનું નામ 'ઓલ ઈન્ડિયા રેડિયો' રાખવામાં આવ્યું (૧૯૩૬)
  - બીજા વિશ્વયુદ્ધનો યુરોપાં અંત આવ્યો (૧૯૪૫)
  - મશહુર ફ્રેન્ચ ચિત્રકાર પૌલ ગૌગુઈનનો જન્મદિવસ (૧૮૪૮)
  - વિશ્વ આરોગ્ય સંસ્થાએ શીતળાના રસીકરણ કાર્યક્રમની શરુઆત કરી (૧૯૮૦)
- ૯ જુન :
  - ક્રાંન્તિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનો જન્મદિવસ (૧૯૦૦)
  - કિસ્ટોફર કોલંબસે આજના દિવસે નવી દુનિયાની શોધ કરી (૧૫૦૨)
  - બ્રિટીશ આર્કીઓલોજીસ્ટ હોવાર્ડ સાર્ટરનો જન્મદિવસ (૧૮૭૪)
  - મશહુર અમેરિકન સિંગર લિટલ રિચાર્ડનું ૮૭ વર્ષની ઉંમરે અવસાન થયું (૨૦૨૦)
- ૧૦ જુન :
  - ગુજરાતી સાહિત્યના રાજવી કવિ સુરસિંહજી ગોહિલ 'કલાપી'નો જન્મદિવસ (૧૮૭૪)
  - નોબેલ ઈનામ સન્માનિત નેલ્શન મન્ડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા (૧૯૯૪)
  - મશહુર અમેરિકન કાર્ટૂનિસ્ટ અને બાળગીતોના સર્જક શેલ સિલ્વર સ્ટુનનું અવસાન (૧૯૯૯)
  - બજાર ઉદ્યોગના ઉદ્યોગપતિ રાહુલ બજાજનો જન્મદિવસ(૧૯૩૮)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાતનું નામ શું છે?

જવાબ : યાસ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક આર પટેલ : સે-૨૨ (૨) રૂજિત રાવલ : સે-૭ડી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) રુચિત એ પટેલ : રાંદેસણ (૬) જીતેન્દ્ર ઘરવાડિયા : સે-૩૦ (૭) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૮) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં બનેલ રાજકીય ઘટનાક્રમમાં કયા સનદી અધિકારી માટે વિવાદ ઘેરો બન્યો?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ઉનાળાનો તાપ... બાફ અને કાકાનો ત્રાસ... બાપ રે બાપ !!



હળવે હૈયે
પ્રકાશ લાલા

ઉનાળાનો તાપ... બાપ રે... બાપ! ને હવે એમાં ભળ્યો છે બાફ એટલે તો તોબા-તોબા...!! હવે વરસાદ સતત અને ધોધમાર વરસી પડી, ધરતી માતાને આ તરબોળ નહીં કરી દે ત્યાં સુધી આપણે પરસેવે પરેશાન, અળાઈઓના ચાકાથી ત્રાહિમામ રહેવાનું, બીજું શું ?

આમ તો 'સમર' માં જ 'મર' છે એટલે ઉનાળામાં કંઈ ગમે નહીં, 'સુસ્તી આળસ દશામાં મરતાં મરતાં જીવવાનું એવું કહી શકાય. પરંતુ ઉનાળો એટલે કેટલાકના મતે તરબુચ-ટેટી-કેરી,ગન્ના રસ, કુલ્ફી - આઈસ્ક્રીમની મઝા... ઉનાળો એટલે બરમુડા - જર્સી કે પાતળા સદરા - લેંઘામાં (લેંઘા પાછા એટલા બધા પાતળા નહીં હોં!) ફરવાની આઝાદી. ઉનાળો એટલે રાત પડે ધાબે ચઢી, કુદરતી ઠંડી હવામાં નિરાંતની નિંદરની મૌસમ પણ ખરી. વળી, ઉનાળો એટલે વિદ્યાર્થીઓ માટે 'લોંગ સમર વેકેશન'નું આકર્ષણ... જોકે સવા વર્ષથી કોરોના દેવીએ શાળા-કૉલેજો બંધ કરાવી દઈ વગર વેકેશને વેકશન આપી દીધું છે અને એમાંય 'પરીક્ષાઓ આજ લેવાય કાલ લેવાય... લેવાશે કે નહીં લેવાય?' ની માથે લટકતી તલવારમાં વેકેશનનો કોઈ ઉત્સાહ કયાંથી હોય !' એમ તો 'સમર' ઘણા પરિવારો માટે રાજય-દેશ-પરેદશની (ગજા અને અનુકૂળતા પ્રમાણે) 'ટૂર'નો આનંદ લૂંટવાની સીઝને ય કહેવાતી... હા, 'કહેવાતી' જ સ્તો... કેમ કે હમણાં તો કોરોનાએ ધંધા-રોજગાર તેમજ ફલાઈટો જ 'ઠપ' કરાવી દીધી છે. તેથી કંઈ વિચારાય એવું નથી રહ્યું અને સંક્રમણનો એવો ભય ઊભો છે કે આપણે બહારગામ તો શું ઘરની બહાર નીકળતાંએ સો વાર વિચાર કરવો પડે છે.. માટે જ ટૂરની આ સીઝન હમણાં તો ભવ્ય ભૂતકાળ વાગોળતા બેસી રહેવાની સીઝન બની રહી છે!!

મોંઘીદાટ ઈલેકટ્રિસિટીનું બીલ બચાવવા, અને ઘરના ઓટલે હિંચકે ઝૂલી આછી-પાતળી હવા ખાતા, ઉનાળા - સમર વિશે આવું બધું વિચારી રહ્યા હતા... ત્યાં જ 'બરસો રે... ઘન બરસો... બરસો રે ઘન બરસો...' એવું ભેંસાસૂરમાં લલકારતા લાલાકાકાએ પધરામણી કરી...

'અંકલ, કેમ, આજે આ બરસો રે... બરસો રે...?' 'અલ્યા ભાઈ, ગરમીથી ત્રાસી ગયા છીએ તે મેઘરાજાને વિનંતી કરવી પડશે કે આવો, પધારો, વરસો...' 'હા... પણ તે આવા રાગમાં, અંકલ ?' 'પનુભાઈ, હું કંઈ નરસિંહ મહેતો નથી કે રાગ કેદાર ગાઉં ને વરસાદ વરસી પડે ! હું તો યાર, મારી રીતે ભાવથી પ્રાર્થના કરું છું... કેમ કે ભગવાન તો ભાવના ભુખ્યા હોય છે.' 'હા... એ વાત સાચી.' અમે કહ્યું ને પછી ધીરેથી ઉમેર્યું : 'આવી રીતે બરાડા પાડીને બોલાવશો તો મેઘરાજા આવતા હશે તોય દૂર ભાગી જશે... સમજો જરા, અંકલ.'

અમારાથી 'સમજો જરા, અંકલ' મોટેથી બોલાઈ ગયું એટલે એ સાંભળી રેડ અંકલે પૂછ્યું : 'તમે કંઈ કહ્યું, પનુભાઈ ?' 'હેં ?... હા... હા... અંકલ, હું તો એમ કહેતો હતો કે કેરાલાથી વાયા મુંબઈ સુધી આવેલો વરસાદ તમારો સાદ સુણીને જરૂર વહેલો આવી પહોંચશે...' અમે ચલાવ્યું. 'તો પછી... મેરે ગાને મેં કુછ તો દમ હૈ... ખરું ને... પનુભાઈ?' 'દમ તો કેવો ? સાંભળનારાનો દમ કાઢી નાખે એવો...' અમારે કહેવું હતું પણ આત્મરક્ષણાર્થે સંયમ રાખ્યો. એટલામાં અમારા ઘર પાસેથી પંચાલભાઈ હાથમાં કેરીનું બોક્ષ લઈને નીકળ્યા... અમે પૂછ્યું : 'કેરી લઈ આવ્યા ?' 'ના... લાવેલી. પાછી આપવા જાઉં છું, યાર...' એમણે ચિડાયેલા સ્વરે ઉત્તર વાળ્યો. 'કેમ? નથી બરાબર?' 'ચાર દિવસ થયા બોક્ષ લાવે... એમાંથી એકેય કેરી પાકતી નથી... શું કરવાનું, બોલો ?' 'પંચાલભાઈ, અહીં લાવો તમારી કેરીઓ...'

અખબારમાં એન્ગેંઝ થયેલા રેડ અંકલ તરફ ઈશારો કરીને અમે કહ્યું : 'આ લાલાકાકાની ઢંગધડા વગરની વાતો સાંભળીને આપણું માથું પાકી જાય છે તો તમારી કેરીઓ જરૂર પાકી જશે...'

'હેં ? શું તમે ય યાર...' કહી એ આગેકૂચ કરી ગયા... રેડ અંકલે છાપામાંથી ડોકું બહાર કાઢી પાછું એમનું પારાયણ ચાલું કર્યું : 'પનુભાઈ, કાલે તા.૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ... આપણે એની ઉજવણી કરવી જોઈએ.' 'તમે બહુ બોલબોલ કરીને ધ્વનિ પ્રદૂષણ વધારો છો એ બંધ કરો એ ય 'વર્લ્ડ એન્વાયર્મેન્ટ ડે'ની મોટી ઊજવણી કરી કહેવાશે...' અમે બોલ્યા, અલબત્ત, મનમાં જ, કેમ કે આવું સંભળાવીને કાકાને રાતાપીળા કરવાની ને પછી એ અમને સંભળાવવાનું નું શરૂ કરી, પ્રદૂષણ વધારે એ અમને મંજૂર ન હતું.

'પનુભાઈ, કેમ કંઈ બોલ્યા નહીં ? આપણે ચોકઠા વાસીઓએ પર્યાવરણ દિન ઊજવવો જોઈએ...' અંકલ ઊજવણીના મૂડમાં આવતા જતા હતા. 'ઊજવીએ... શું કરીએ, અંકલ ?' 'આપણે કાલે વૃક્ષારોપણ પ્રોગ્રામ કરીએ... ચોકઠામાં થોડા વૃક્ષો વાવીએ... શું કહો છો?' 'ભલે... અંકલ, તમે શું કરશો? ખાડા ખોદશો કે રોપા લઈ આવશો ? કે વૃક્ષારોપણ કરી ફોટો પડાવશો?' અમે રેડ અંકલની જવાબદારી ફિક્સ કરવા ટ્રાય કર્યો... 'પનુભાઈ, હું ધારું તો આ બધું જ કરી શકું... પણ હવે જુવાનિયાઓને આગળ આવી કરવા દો. એમને ચાન્સ આપવો જોઈએ ? હું તો ત્યાં હાજરી આપી બધાને ચિયર અપ કરીશ.'

'એટલે ?' 'અલ્યા ભાઈ, હવે ક્રિકેટ મેચોમાં રમતવીરોને પાનો ચઢાવવા ને પબ્લિકના મનોરંજન માટે ચિયર ગર્લ્સ હોય છે ને ?'

'હા... તે તમે... ચિયર ગર્લ્સ બનશો?

'ના, હું ચિયર અંકલનો રોલ કરીશ.'

'હેં ?'